# " અદબ સે હી ઈન્સાન પાયા કમાલ "
# કબરની ઝિયારતના આદાબ

કબર મુમીન વાસ્તે આ દુનિયામાં આખરી મંઝીલ અને નિશાની છે અને આખેરતના ઘરમાં જાવાનો દરવાઝો છે. કબર ઈમાનદારો વાસ્તે સુકુન અને કરારિયતનું ઘર છે. અને જહાનવાલા વાસ્તે ઈબરત અને સબકની જગા છે.

આકીલ શખ્સ કે જેના દિલમાં અલ્લાહના અઝાબનો ડર છે, કબરની ઝુલ્મતની દેહશત અને ખૌફ છે તે શખ્સ આ ઝમીનની પીઠ પર પોતાની ઝિન્દગીને અમલે સાલેહ કરવામાં બસર કરે છે. તેને માલુમ છેકે આ અમલે સાલેહથી અલ્લાહતઆલા તેની કબરમાં નૂર અને રોશની ઈનાયત કરશે અને તેની રૂહને ઈત્મીનાન હાંસીલ થાશે.

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં અકસર ઔકાત પર મુમેનીનની હિદાયત વાસ્તે મૌત, કબર, હિસાબે આઅમાલ, અઝાબે જહન્નમ, રાહતે જન્નત, દારૂલ આખેરત, કયામત, હશર નશર, વગૈરાનું બયાન ફરમાયું છે. રસુલે અકરમ (સ.અ.વ.વ.) કબરની ઝિયારત કરવામાં રૂખ્સત આપી છે. અને આપ ફરમાવતા કે કબરને નઝદીક હાઝિર થાવું તમને આખેરતની યાદ અપાવે છે. આપ આપના સોહબતી ઉસ્માનબીન મઝઉનની કબર પર પધારા હતા અને તેને બરાબર હમવાર કીધી હતી, અને તે પર પાની છીડકું હતું. ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) થી રીવાયત છે કે આપે (સ.અ.વ.વ.) ફરમાયું કે મૌલાતના ફાતેમા (અ.સ.) મૌલાના હમ્ઝાની કબરની ઝિયારત કરતા અને એ કબર નઝદીક ઉભા રહેતા અને આપ હર સાલ શોહદાઓની કુબુર પાસે કીતનાક બૈરાંઓને સાથે લઈને પધારતા અને સઘલા સાથે દુઆ કરતાં અને ઈસ્તીગ્ફાર કરતા. મૌલા અલી (અ.સ.) જે વક્ત કબર નઝદીક હાઝિર થાતા તો આ મિસલ ફરમાવતા "અસ્સલામો અલયકુમ યા એહલદદાર ફ ઈન્ના બેકુમ લાહેકુન" યાઅની સલામ છે તમારા પર અય ઘરના લોગો (કબરમાં સુનાર) ઝરૂર હમેં ભી તમને આવીને મીલનાર છે. તો મૌલા અલી (અ.સ.) ના શીયા પર લાઝિમ છે કે કબરનો એહતેરામ અને લેહાઝ રાખીને પુરા અદબ અને તેહઝીબ થી ઝિયારત કરે.

૧) કબરની ઝિયારત વુઝુની હાલતમાં યાઅની પાક સાફ થઈને કરે.
૨) કબર પર પાની છીડકે, ફુલ યા તેની ચાદર ચઢાવે, ખુશ્બુ વાસ્તે અગરબત્તી યા બીજી ચીઝ જલાવે.
૩) કબરને નઝદીક બેસીને કુરઆને કરીમની તિલાવત કરે મરહુમ વાસ્તે દુઆએ મગફેરત કરે અને સુરતુલ ફાતેહા પઢે.
૪) ઝિયારત વાસ્તે કબ્રસ્તાન જાવાનું થાય અને તે વક્ત સાહબે દાઅવત હાઝિર હોય તો રઝા લઈને સાહબે દાઅવતના દસ્તે મુબારકથી ચાદર ચઢાવે અને સાથે ફાતેહા ખ્વાની કરે.
૫) કબરની ઝિયારત કરીને સાહબે દાઅવત સાથે મસ્જીદમાં સદકલ્લાહ અને કુરઆન ખ્વાનીની મેહફીલમાં શરીક થાય તે બાદ પોતાના ઘર તરફ રૂજુઅ થાય.
૬) કબરને નઝદીક હસેં નહીં, કોઈની મસ્ખરી કે ગીબત કરે નહીં, દુન્યવી વાતો કરવાથી પરહેઝ કરે અને ફક્ત દોઆએ મગફેરત અને કુરઆને કરીમની તિલાવત સિવાય બીજો કોઈ શુગુલ કરે નહીં.
૭) દોઆતે કિરામના મઝાર પર હાઝિર થાય તો પહેલા રોઝા મુબારકના દરવાઝા પર સજદએ તાઅઝીમ અદા કરે તે બાદ કબરે અતહરના રાસ (માથા) નઝદીક જાય અને કીબ્લા રૂખ થઈને દોબારા સજદએ તાઅઝીમ બજા લાવે તે બાદ રાસ અને પગ પર જીબીન ઝુકાવે અને ઝિયારત કરીને તુરબતે પાકથી બરકત હાંસીલ કરે.
૮) રોઝા મુબારકમાં કુરઆને કરીમની બુલન્દ આવાઝથી તિલાવત કરે, ખાસ્સતન સુરએ યાસીન, સુરએ રહેમાન, સુરતુલ જીન્ન, સુરતુલ કયામાહ, સુરતુલ દુખ્ખાન વગૈરા પઢે. ફાતેહા ખ્વાની કરે અને મુકદસ મૌલાનો વસીલો લઈ બારગાહે રબ્બાનીમાં દુઆ ગુઝારે.
૯) રોઝામાંથી બાહર નિકલે તો સલામ કરે અને ખિરાજે અકીદત મંદી વાસ્તે મૌલાના ના નામ પર જે બની શકે તે રકમ ગલ્લામાં નાંખે.
૧૦) નાપાકી ની હાલતમાં કબ્રની ઝિયારત કરે નહીં. જનાબતદાર મરદ/બૈરો, હૈઝદાર બૈરો, જહાં તક ગુસલ ન કરે વહાં તક કબરની ઝિયારત કરે નહીં. ★